GJDH120006292026

નામદાર ગુજરાત હાઈકોર્ટે નોટીફીકેશન નં.C.2001/૭૩,તા.૨૦-૫-૨૦૨૨ માં ઠરાવેલ પ્રોફોર્મા મુજબઃ-

**આંક-૪૮**

**ફોર્મ-'એ'**

# દાહોદ જીલ્લાની બીજી એડીશ્નલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ મુ.લીમખેડા, જી.દાહોદ

**એમ. એમ. સોની, બીજા એડીશ્નલ સેશન્સ જજ**

**[ચુકાદાની તારીખઃ ૧૩/૦૮/૨૦૨૬]**

**[ સેશન્સ કેસ નં.૧૮/૨૦૨૬]**

**(એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન)**

પીપલોદ પો. સ્ટે. પાર્ટ એ. એફ.આઈ.આર. નં.૧૧૮૨૧૦૫૨૨૫૧૨૨૪/૨૦૨૫

ગુનોઃ- **ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૮, ૮૫, ૫૪ મુજબ.**

પોલીસ સ્ટેશનઃ- પીપલોદ પોલીસ સ્ટેશન, જી.દાહોદ.

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઑફ ગુજરાત)<br>(મૂળ ફરિયાદીઃ મોહનભાઈ નાથાભાઈ વણકર) |
| વિ.મ.સ.વ. મારફતે | વિદ્ધાન મદદનીશ સરકારી વકીલ શ્રી એસ.વી.તડવી |
| આરોપીઓ | (૧) રાજેન્દ્રકુમાર બાબુભાઈ વણકર<br>ઉ.વ.૩૧, ધંધો-ખેતી તથા મજુરી,<br>(૨) બાબુભાઈ રત્નાભાઈ વણકર<br>ઉ.વ.૫૪, ધંધો-ખેતી,<br>(૩) ચંપાબેન w/o બાબુભાઈ રત્નાભાઈ વણકર<br>ઉ.વ.૫૨, ધંધો-ઘરકામ,<br>તમામ રહે.પીપલોદ, તળાવ ફળીયું, તા.દે.બારીયા, જી.દાહોદ. |

| | |
|---|---|
| આરોપી તર્ફે વિ.વ.શ્રી | આરોપીઓ તર્ફે વિદ્ધાન વકીલ શ્રી આર.વી.વણકર |

# ફોર્મ–'બી'

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | તા.૦૭–૧૦–૨૦૨૨ ના પહેલાના સમયથી. |
| ફરિયાદની તારીખ | તા.૧૦–૧૦–૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | તા.૨૭–૦૩–૨૦૨૬ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | તા.૨૯–૦૫–૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | તા.૦૫–૦૬–૨૦૨૬ |
| ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | તા.૧૩–૦૮–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૧૩–૦૮–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ,જો કોઈ હોય તો. | ––– |

## <u>આરોપીની વિગતઃ</u>

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **કયા ગુનાનો આક્ષેપ છે** | **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | **શું સજા કરી** | **સીઆર.પી.સી.નીકલમ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાજેન્દ્રકુમાર બાબુભાઈ વણકર | તા.૧૧/૦૨/૨૬ | –– | બી.એન.એસ. ક.૧૦૮, ૮૫, ૫૪ મુજબ. | નિર્દોષ | -- | ૬ માસ અને ૨ દિવસ |
| ૨ | બાબુભાઈ રત્નાભાઈ વણકર | તા.૧૧/૦૨/૨૬ | –– | ઈ.પી.કો.ક. ૩૯૪, ૩૯૫, ૧૧૪ મુજબ. | નિર્દોષ | -- | ૬ માસ અને ૨ દિવસ |
| ૩ | ચંપાબેન w/o બાબુભાઈ રત્નાભાઈ વણકર | તા.૧૨/૦૨/૨૩ | તા.૧૨/૦૩/૨૬ | ઈ.પી.કો.ક. ૩૯૪, ૩૯૫, ૧૧૪ મુજબ. | નિર્દોષ | -- | ૧ માસ |

# ફોર્મ–'સી'

## ફરિયાદ પક્ષ/બચાવ પક્ષ/કોર્ટનાં સાહેદોનું લીસ્ટ.

## એ. ફરિયાદ પક્ષ તર્ફેઃ–

| સાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો સાહેદ/ પુરાવો |
|---|---|---|
| ૧ | મોહનભાઈ નાથાભાઈ વણકર.(આંક–૧૦) | ફરિયાદી |
| ૨ | અમરીબેન મોહનભાઈ વણકર.(આંક–૧૨) | સાહેદ |
| ૩ | અરવિંદભાઈ મોહનભાઈ વણકર.(આંક–૧૩) | સાહેદ |
| ૪ | મનુભાઈ ભાણાભાઈ વણકર.(આંક–૧૪) | સાહેદ |
| ૫ | રામાભાઈ વાલાભાઈ વણકર.(આંક–૧૫) | સાહેદ |
| ૬ | રત્નાભાઈ કસનાભાઈ વણકર.(આંક–૧૭) | પંચ સાહેદ (ગુનાવાળી જગ્યાના પંચનામાના) |
| ૭ | શાંતીલાલ મીઠાભાઈ વણકર.(આંક–૧૯) | પંચ સાહેદ (ડેમોસ્ટ્રેશન પંચનામાના) |
| ૮ | મનુભાઈ ભગાભાઈ વણકર.(આંક–૨૧) | પંચ સાહેદ (ગુનાવાળી જગ્યાના પંચનામાના) |
| ૯ | મહેશભાઈ ભાણાભાઈ વણકર.(આંક–૨૨) | પંચ સાહેદ (ડેમોસ્ટ્રેશન પંચનામાના) |
| ૧૦ | ડૉ. ચંદ્રીકાબેન શાંતીલાલ મકવાણા.(આંક–૨૩) | મેડીકલ ઓફિસર (સી.એચ.સી. પીપલોદ) |
| ૧૧ | ડૉ. નિશાંત જયંતીલાલ શેઠ.(આંક–૨૫) | પ્રાઈવેટ ડૉક્ટર (સુર્યોદય હોસ્પિટલ) |
| ૧૨ | દશરથસિંહ ભૂપતસિંહ સોલંકી.(આંક–૨૭) | ત.ક.અમલદાર (પીપલોદ પો.સ્ટે.) |
| ૧૩ | ડૉ. પરીમલ ભરતકુમાર જણસારી.(આંક–૨૯) | મેડીકલ ઓફિસર (ગોધરા જનરલ હોસ્પિટલ) |
| ૧૪ | જશવંતસિંહ બકોરભાઈ તડવી.(આંક–૩૪) | ત.ક.અમલદાર (પીપલોદ પો.સ્ટે.) |
| ૧૫ | ગમરસીંગ ભગુડીયાભાઈ રાઠવા.(આંક–૪૧) | ત.ક.અમલદાર (પીપલોદ પો.સ્ટે.) |

## બી. બચાવ પક્ષના સાહેદો, જો કોઈ હોય તોઃ-

| સાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો સાહેદ/ પુરાવો |
|---|---|---|
| -- | -- | -- |

## સી. કોર્ટનાં સાહેદ૦ો, જો કોઈ હોય તોઃ-

| સાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો સાહેદ/ પુરાવો |
|---|---|---|
| -- | -- | -- |

## ફરિયાદ પક્ષ/બચાવ પક્ષ/કોર્ટના અંકિ પડેલ દસ્તાવેજોનું લીસ્ટ.

## એ. ફરિયાદ પક્ષ તર્ફેઃ-

| આંકનો નંબર | વર્ણન | પ્રુવ્ડબાય/ એટેસ્ટેડ બાય |
|---|---|---|
| ૧૧ | ફરિયાદ. | સાહેદ નં.૧ |
| ૧૬ | ઈન્કવેસ્ટ પંચનામું. | એટેસ્ટેડ બાય |
| ૧૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | સાહેદ નં.૬, ૮ |
| ૨૦ | ડેમોસ્ટ્રેશન પંચનામું. | સાહેદ નં.૭, ૯ |
| ૨૪ | મરણજનાર કૈલાશબેન રાજેશભાઈ વણકરનું મેડીકલ સર્ટિફિકેટ. | સાહેદ નં.૧૦ |
| ૩૦ | મરણજનાર કૈલાશબેન રાજેશભાઈ વણકરનું મેડીકલ સર્ટિફિકેટ. | સાહેદ નં.૧૩ |
| ૩૧ | મરણજનાર કૈલાશબેન રાજેશભાઈ વણકરની પી.એમ. માટેની યાદી. | સાહેદ નં.૧૩ |
| ૩૨ | મરણજનાર કૈલાશબેન રાજેશભાઈ વણકરના વિસેરા પૃથ્થકરણ માટે લીધેલ તે ફોર્મ. | સાહેદ નં.૧૩ |
| ૩૩ | મરણજનાર કૈલાશબેન રાજેશભાઈ વણકરની પી.એમ. નોટ. | સાહેદ નં.૧૩ |
| ૩૫ | સુચિપત્ર. | સાહેદ નં.૧૪ |

| | | |
|---|---|---|
| ૩૬ | ગુનાવાળી જગ્યાનો સ્થળ પરીક્ષણ અહેવાલ. | સાહેદ નં.૧૪ |
| ૩૭ | મુદ્દામાલ રવાનગી નોંધ. | સાહેદ નં.૧૪ |
| ૩૮ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મળી ગયાની પહોંચ. | સાહેદ નં.૧૪ |
| ૩૯ | એફ.એસ.એલ. રીપોર્ટ. | સાહેદ નં.૧૪ |
| ૪૦ | સ્ટેશન ડાયરીની ઓનલાઈન નકલ. | સાહેદ નં.૧૪ |
| ૪૨ થી ૪૪ | આરોપીઓના એરેસ્ટ મેમા. | સાહેદ નં.૧૪ |
| ૪૫ | ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર. | સાહેદ નં.૧૪ |
| ૪૬ | સીડી. | સાહેદ નં.૧૪ |

## બી. બચાવ પક્ષ તર્ફેઃ–

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

## સી. કોર્ટના આંકોઃ–

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

## ડી. મુદ્દામાલઃ–

| મુદ્દામાલ નંબર | વર્ણન | પ્રુવ્ડ બાય/ એટેસ્ટેડ બાય |
|---|---|---|
| –– | –– | –– |

## – જ જ મે ન્ટ –

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના ફરિયાદી મોહનભાઈ નાથાભાઈ વણકર, રહે.નળુ, બોરવાણ ફળીયું, તા.ધાનપુર, જી.દાહોદનાએ તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ પીપલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદની ટુંક હકીકત એવા પ્રકારની છે કે, તેમને સંતાનમાં ચાર બાળકો છે. તેમની છોકરી કૈલાશબેન જેના લગ્ન પીપલોદ ગામે રાજેન્દ્રકુમાર બાબુભાઈ વણકર સાથે આજથી બારેક વર્ષ પહેલા સમાજની રીતરિવાજ મુજબ કરવામાં આવેલ છે. જેને સંતાનમાં ત્રણ બાળકો છે. તેમની છોકરી કૈલાશબેનનો ઘરસંસાર પાંચેક વર્ષ સુધી સારો ચાલતો હતો ત્યારબાદ છોકરી અવારનવાર રીસાઈને તેમના ઘરે આવતી રહેતી હતી અને તેમની પત્ની અમરીબેનને વાતો કરતી કે તેનો ઘરવાળો તુ કાળી છે, તુ ઘરનું કામ કરતી નથી તેમ કહી તેનો પતિ રાજેન્દ્રકુમાર તથા તેની સાસુ ચંપાબેન તથા સસરા બાબુભાઈ રત્નાભાઈ વણકર તેને મેણા ટોણા મારી શારીરીક તથા માનસીક ત્રાસ આપતા હોવાની હકીકત તેમની પત્ની દ્વારા જાણવા મળતું હતુ. આ લગ્નગાળાના સમય દરમ્યાન તેમની છોકરી આશરે વીસ થી પચ્ચીસ વાર ઘરે નળુ ગામે રીસાઈને આવતી રહેલી પરંતુ છોકરીનો ઘસ સંસાર બગડે નહી જેથી છોકરીને તેઓ તથા તેમની પત્ની તથા છોકરો તથા સમાજના સગા વહાલાઓ સમજાવી મુકી આવતા હતા.

ગઈ તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ સાંજના આશરે છ વાગ્યે તેમની છોકરી કૈલાશબેનનો તેમના જમાઈ રાજેન્દ્રકુમાર બાબુભાઈ વણકરના મોબાઈલ ફોનથી ફોન આવેલ અને તેમને જણાવેલ કે તેની સાસુનું ત્રણસો રુપીયા મુકેલ પાકીટ ખોવાઈ ગયેલ જે તેની નાની છોકરી દિવ્યાને રમતા રમતા પાકીટ મળેલ જેમાં ત્રણસો રુપીયા ન હતા જેથી તેમના પતિએ આ પાકીટમાંથી રુપીયા ત્રણસો કાઢી લીધેલ છે તેમ કહી ઝગડો કરેલ અને તે દરમ્યાન તેના સસરા બાબુભાઈ રત્નાભાઈ વણકર તથા સાસુ ચંપાબેનનાઓ પણ હાજર હોય તુ ચો છે તેમ કહી તેમની સાથે બોલાચાલી કરેલ અને અગાઉ પણ અવારનવાર તેની સાથે આવું કરતો હોય તે જીવનથી કંટાળી ગયેલ છે જેથી તેના ઘરે સવારના આશરે અગીયારેક વાગ્યે ઝેરી દવા પી લીધેલ છે અને હાલમાં ગોધરા સરકારી દવાખાનામાં લાવેલ છે તેવું જણાવેલ જેથી તેઓ તથા તેમની પત્ની અમરીબેન તથા છોકરો અરવિંદભાઈ તથા તેની પત્ની ભુરીબેન

એ રીતેના ગોધરા મોડી રાતના આશરે નવેક વાગ્યે પહોંચી ગયેલ. તે દરમ્યાન તેમની છોકરી ભાનમાં હતી અને તેના સાથે જમાઈ રાજેન્દ્રકુમાર તથા બીજા તેમના ફોઈ હાજર હતા. દવા સારવાર ચાલુ હતી અને બીજા દિવસે તા.૦૮/૧૦/૨૦૨૫ ના રોજ સવારના આઠેક વાગ્યે વધુ સારવાર માટે સુર્યોદય હોસ્પિટલમાં લઈ ગયેલ અને ત્યાં દવા સારવાર ચાલુ હતી પરંતુ ભાનમાં આવેલ નહી અને ગઈકાલે સાંજના તા.૦૯/૧૦/૨૦૨૫ ના રોજ આશરે પાંચેક વાગ્યે તેઓ તેમના ઘરે જવા માટે નીકળી ગયેલ અને મોડી રાતના આશરે દસેક વાગ્યે તેમના મોબાઈલ ફોન ઉપર ફોન આવેલ અને તેમને જણાવેલ કે કૈલાશ સીરીયસ છે, તમે આવો તેવી વાત કરતા મોડી રાતના બારેક વાગ્યે તેઓ તથા મનુભાઈ લક્ષ્મણભાઈ તથા હીરાભાઈ નાથાભાઈ તથા અરવિંદભાઈ મોહનભાઈ તથા બીજા માણસો ગોધરા ગયેલ અને જોયેલ તો તેમની દિકરીના મોઢા ઉપર ઓક્સીજનની પાઈપ પહેરાવેલ હતી. ઓક્સીજન ચાલુ હતું અને આજરોજ વહેલી સવારના સાડા પાંચેક વાગ્યે ડૉક્ટર સાહેબે તેમની છોકરી કૈલાશબેન મરણ ગયેલ હોવાનું જણાવેલ હતું.

આમ, ગઈ તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ તેમની દિકરી કૈલાશબેનની નાની છોકરી દિવ્યાબેનને રમતા રમતા પાકીટ મળેલ જેમાં ત્રણસો રુપીયા હતા જે નહી મળતા તેમના જમાઈ રાજેન્દ્રકુમાર બાબુભાઈ વણકર, તેના સસરા બાબુભાઈ રત્નાભાઈ વણકર, સાસુ ચંપાબેનનાએ તુ ચોર છે તેમ કહી અવારનવાર મેણાટોણા મારી શારીરીક માનસીક ત્રાસ આપી મરવા માટે દુષ્પ્રેરણ કરતા મરણજનારે ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન મરણ ગયેલ હોય જેથી આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની તપાસ થવા ફરિયાદ છે.

(૨) ઉપર મુજબની ફરિયાદ હકીકત પીપલોદ પોલીસ મથકના પો.સ્ટે. અમલદાર રુબરુ જાહેર કરતા પીપલોદ પો. સ્ટે. પાર્ટ એ. એફ.આઈ.આર. નં.૧૧૮૨૧૦૫૨૨૫૧૨૨૪/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૮, ૮૫, ૫૪ મુજબના ગુનાઓ દાખલ કરી પી.એસ.ઓ.નો બી.એન.એસ.એસ.ની કલમ-૧૭૬ મુજબનો રીપોર્ટ જાહેર કરી આગળની તપાસ ત.ક.અમલદારને સોંપવામાં આવેલી.

(૩) ત્યારબાદ ત.ક.અમલદારે ગુનાની હકીકતથી વાકેફ થઈ ગુનાવાળી જગ્યાનું પંચનામું તેમજ અન્ય જરૂરી પંચનામા તથા કાર્યવાહી કરી લાગતાવળગતા સાહેદોના નિવેદનો લીધેલા, તેમજ નિયમ મુજબ તમામ કાર્યવાહી કરી આરોપીઓ નં.(૧) રાજેન્દ્રકુમાર બાબુભાઈ વણકર (૨) બાબુભાઈ રત્નાભાઈ વણકર (૩) ચંપાબેન w/o બાબુભાઈ રત્નાભાઈ વણકર, તમામ રહે.પીપલોદ, તળાવ ફળીયું, તા.દે.બારીયા, જી.દાહોદનાઓ મળી આવતા અટક કરી મુદત અંદર કોર્ટ કસ્ટડીમાં મોકલી આપેલ તેમજ આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા હોય તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ પુરતા પુરાવો જણાઈ આવતા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮, ૮૫, ૫૪ મુજબના ગુનાનું ચાર્જશીટ પીપલોદના વિ. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફ.ક.કોર્ટમાં તા.૨૭/૦૩/૨૦૨૬ ના રોજ રજુ કરવામાં આવેલ. જે ચાર્જશીટ પીપલોદના વિ. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફ.ક. કોર્ટમાં ક્રિમીનલ કેસ નં.૧૬૦૦/૨૦૨૬ થી નોંધવામાં આવેલ. સદરહું ગુનો સેશન્સ ટ્રાયબલ હોય વિ. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રીને સદરહું ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા ના હોય અને સદરહું ગુનો અત્રેની લીમખેડા એડીશ્નલ સેશન્સ કોર્ટની હકુમતમાં આવતો હોય બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૨ અન્વયે સદરહું કેસ અત્રેની લીમખેડા એડીશ્નલ સેશન્સ કોર્ટમાં કમીટ કરતા તે સેશન્સ કેસ નં.૧૮/૨૦૨૬ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ. ત્યારબાદ આગળની ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની અદાલતમાં ટ્રાન્સફર કરવામાં આવેલ.

(૪) આ કામે આરોપીઓ તર્ફે વિ.વકીલશ્રી પી.પી.જૈન/શ્રી આર.વી.વણકર હાજર થયેલા. જ્યારે સરકાર પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવી હાજર થયેલા.

(૫) સરકાર પક્ષે આરોપીઓ સામેના આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે આંક–૯ ના લીસ્ટથી કુલ–૧૨ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(૬) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીઓ તર્ફેના વિ.વકીલશ્રી પી.પી.જૈન/શ્રી આર.વી.વણકરની ચાર્જ બાબતેની દલીલો સાંભળવામાં આવેલી અને આરોપીઓ વિરુદ્ધ પ્રથમદર્શનીય રીતે ચાર્જ ઘડી શકાય તેવો પુરાવો જણાઈ આવતા આરોપીઓ વિરુદ્ધ આંક-૫ થી ગુનાનું તહોમતનામું ફરમાવી વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓએ ગુનાની હકીકતોનો ઈન્કાર કરતા તે લગત આરોપીઓના આંક-૬ થી આંક-૮ સુધીના નિવેદનો નોંધી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

(૭) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પોતાનો કેસ સાબીત કરવા માટે ઉપર ફોર્મ-"સી" માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

(૮) ફરિયાદ પક્ષે પુરાવો પૂર્ણ થતા વિ.એ.પી.પી.શ્રીએ આંક-૪૭ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલી છે.

(૯) ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ પોતાની સામેના આક્ષેપીત ગુનાનો ઈન્કાર કરી પોતે નિર્દોષ હોય ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ હોવાની હકીકત જણાવેલ છે.

(૧૦) ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા તથા બન્ને પક્ષના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી.

(૧૦.૧) ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.વી.તડવીનાઓએ તેમની દલીલોમાં રજુઆત કરતા જણાવેલ છે કે, આરોપીઓ વિરૂદ્ધ આંક-૫ થી તહોમતનામું ફરમાવવામાં આવેલું છે, જે તહોમતો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે તેનાથી આરોપીઓ વિરૂદ્ધનો ગુનો પુરવાર થયેલો છે. આ કામના આરોપીઓએ ભેગા મળી મરનાર કૈલાશબેનને તુ કાળી છે, તારાથી ઘરનું કામકાજ થતું નથી તેમ કહી

તેમજ પાકીટમાંથી પૈસા ખોવાયેલ તે વખતે તું ચોર છે તેમ કહી અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપી આત્મહત્યા કરવા મજબુર કરતા મરનાર કૈલાશબેને તા.૭/૧૦/૨૦૨૫ ના રોજ આરોપીઓના ઘરે ઝેરી દવા પી લીધેલ અને સારવાર દરમ્યાન મરણ ગયેલ છે અને તે રીતે આરોપીઓના શારીરિક અને માનસિક ત્રાસના કારણે અને આરોપીઓએ મરનારને મરવા માટે મજબુર કરતા મરનારે આત્મહત્યા કરેલાનું ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલા પુરાવાઓથી ફરિયાદ પક્ષ પુરવાર કરવામાં સફળ થયેલા હોઈ, આરોપીઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮, ૮૫, ૫૪ મુજબના ગુનામાં કસૂરવાર ઠરાવવા વિનંતી કરેલ છે.

(૧૦.૨) બચાવ પક્ષના વિદ્વાન વકીલશ્રી પી.પી.જૈનનાઓએ ભારપૂર્વક જણાવેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલા ફરિયાદી મોહનભાઈ નાથાભાઈ કે જેઓ મરણજનારના પિતા છે તથા મરણજનારના। માતા અમરીબેન તથા ભાઈ અરવિંદભાઈ તથા મામા મનુભાઈ તથા રામાભાઈનાઓને ફરિયાદ પક્ષ તર્ફે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને તેઓ તમામની વિદ્વાન એ. પી. પી.શ્રીએ ઊલટ તપાસ કરવા છતાં ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતો પુરાવો આપેલો નથી. તે સંજોગોમાં ખુદ ફરિયાદી તથા મરણજનારનાં માતા, ભાઈ, મામા જ ફરી ગયેલા જાહેર થયેલા હોય, તેઓની જુબાનીઓથી ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન મળેલ ન હોય, અન્ય પુરાવાઓ ઉપર આધાર રાખી આરોપીઓને કસૂરવાર ઠરાવી શકાય નહીં. તે સંજોગોમાં ફરિયાદ પક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આરોપીઓને હાલના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૧૧) આ કેસના ન્યાયીક નિરાકરણ અર્થે મારા મતે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧:- શું ફરિયાદ પક્ષ નિ.શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ મરણજનાર કૈલાશબેનને તુ કાળી છે, તારાથી ઘરનું કામ થતું નથી તેમ કહી અવારનવાર મારઝુડ કરી શારીરીક માનસીક ત્રાસ આપી તેઓની ક્રુરતાનો ભોગ બનાવી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫, ૫૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે?

મુદ્દા નં.૨ :- શું ફરિયાદ પક્ષ નિ.શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ મરણજનાર કૈલાશબેનને અવારનવાર શારીરીક માનસીક ત્રાસ આપી તેમજ તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ દાદીના પાકીટમાંથી રુપીયા ત્રણસો નહી મળતા આરોપીઓએ તુ ચોર છે તેમ કહી મેણા ટોણા મારી ક્રૂરતાનો ભોગ બનાવી આત્મહત્યા કરવા માટે મજબુર કરતા મરણજનારે ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મરણ ગયેલ અને તેમ કરી આરોપીઓએ તેણીને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૮, ૫૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે?

મુદ્દા નં.3 :- શું હુકમ ?

(૧૨) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :- નકારમાં.

મુદ્દા નં.૨ :- નકારમાં.

મુદ્દા નં.3 :- આખરી હુકમ મુજબ.

**- પુરાવાનું મુલ્યાંકન, ચર્ચા અને કારણો -**

(૧૩) **મુદ્દા નં.૧ અને ૨ ની સંયુક્ત ચર્ચા –**

(૧૩.૧) આ કામે મુદ્દા નં.૧ અને ૨ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય હકીકતોનું પુનરાવર્તન ટાળવાના હેતુથી બન્ને મુદ્દાઓની એકસાથે ચર્ચા કરવામાં આવેલ છે.

(૧૩.૨) હાલના આરોપીઓ વિરૂદ્ધ આંક–૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮, ૮૫, ૫૪ મુજબના ગુનાઓનું તહોતમનામું ફરમાવેલ છે ત્યારે આરોપીઓ વિરૂદ્ધના ઉપરોક્ત ગુના નિઃશંકપણે સાબિત કરવા ફરિયાદ પક્ષે આ ગુનાના નીચે મુજબના તત્વો સાબિત કરવા પડે અને તે માટે કાયદામાં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

- ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮ ની જોગવાઈ જોવામાં આવે તો આ કલમ આત્મહત્યામાં મદદગારી અંગેની છે, તેમાં એવું જણાવવામાં આવેલ છે કે,"કોઈ પણ વ્યક્તિ આત્મહત્યા કરે અને તેમ કરવામાં કોઈ વ્યક્તિએ મદદગારી કરી હોય તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પણ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પણ પાત્ર થશે. "

આ રીતે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮ ની જોગવાઈ જોતા આરોપીઓ વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮ મુજબનો ગુનો સાબિત કરવા ફરિયાદ પક્ષે નીચે મુજબના તત્વો નિઃશંકપણે સાબિત કરવા પડે.

૧. કોઈ વ્યક્તિએ આત્મહત્યા કરેલ હોય
૨. આવી આત્મહત્યામાં આરોપીએ મદદગારી કરેલ હોય
૩. આ મદદગારીના અનુસંધાને આત્મહત્યા થવા પામી હોય

આ કલમમાં 'મદદગારી' શબ્દ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૪૫ માં કરવામાં આવેલી વ્યાખ્યા પ્રમાણે સમજવાનો છે. અન્ય ગુના કરતા આ ગુના માટે કરવામાં આવતી મદદગારીની અસર અલગ પ્રકારની હોય છે. સામાન્ય રીતે અન્ય ગુનામાં ગુનો કરતી મુખ્ય વ્યક્તિને અન્ય વ્યક્તિ

ગુનો કરવામાં મદદગારી કરતી હોય છે. જ્યારે આ ગુનામાં જેને મદદગારી કરવામાં આવે તેજ વ્યક્તિ ભોગ બનનાર હોય છે. આત્મહત્યામાં મદદગારીના મોટા ભાગના કિસ્સાઓમાં મદદગારી ચઢવણી તથા ઉશ્કેરણી દ્વારા કરવામાં આવે છે. આવી ઉશ્કેરણી કે ચઢવણી કરનાર વ્યક્તિ પ્રત્યક્ષપણે કોઈ ભાગ ભજવતી નથી. પરંતુ ભોગ બનનાર વ્યક્તિને એવા સંજોગો તથા પરિસ્થિતિમાં મુકે છે કે જે કારણે વ્યક્તિ આત્મહત્યા કરે, જીવન ટુંકાવે કે મૃત્યુની સમીપ ભોગ બનનાર વ્યક્તિ જાય.

➢ 'મદદગારી' કોને કહેવાય તે માટે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૪૫ માં જોગવાઈ કરવામાં આવેલી છે જે નીચે મુજબ છે.

કોઈ વ્યક્તિ કે જે,

૧. કોઈ બાબત કરવા માટે અન્ય વ્યક્તિને ચઢવણી કરે, અથવા

૨. કોઈ બાબત કરવા માટે અન્ય એક કે વધુ વ્યક્તિઓ સાથે કાવતરામાં સામેલ થાય અને તે કાવતરાના અનુસંધાને કોઈ બાબત કરવામાં આવે કે તે કરવાનું ગેરકાનૂની રીતે ટાળવામાં આવે, અથવા

૩. કોઈ બાબત કરીને અથવા કરવાનું ગેરકાનૂની રીતે ટાળીને કોઈ બાબત કરવામાં ઈરાદાપૂર્વક સહાય કરે તો તે બાબતમાં તે મદદગારી કરે છે તેવુ કહેવાય.

➢ જ્યારે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૫૪ ગુનો કરવામાં આવે ત્યારે મદદગારની હાજરીની જોગવાઈ સંબંધેની છે અને આ જોગવાઈને વંચાણે લેતા તેને નિઃશંકપણે સાબિત કરવા ફરિયાદ પક્ષે નીચે મુજબના તત્વો આરોપી વિરૂદ્ધ સાબિત કરવા જરૂરી છે.

૧. મુખ્ય ગુનો બન્યો હોવો જોઈએ, એટલે કે જે ગુનાની મદદગારી કરવામાં આવી હોય તે ગુનો બન્યો હોવો જોઈએ.

૨. તે મુખ્ય ગુનામાં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

૩. ગુનો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઈએ,

અથવા

૪. આવા મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ તથા

૫. ગુનો બનતા પહેલા તથા ગુનો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

ફરિયાદ પક્ષ દ્વારા આરોપીઓ વિરૂદ્ધ ઉપરોક્ત આક્ષેપિત ગુનો શંકા રહિત પુરવાર કરવા માટે ઉપર મુજબના જરૂરી તત્વો ફરિયાદ પક્ષના પુરાવા ઉપરથી પુરવાર કરવાની જરૂરત રહે છે.

(૧૩.૩) હાલના બનાવની ફરિયાદ તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ આ કામના મરણજનાર કૈલાશબેનના પિતાએ પીપલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી છે. જે ફરિયાદ પક્ષ તરફથી આંક-૧૧ થી રજુ કરવામાં આવેલ છે જેની વિગતો વંચાણે લેવામાં આવે તો "તેમને સંતાનમાં ચાર બાળકો છે. તેમની છોકરી કૈલાશબેન જેના લગ્ન પીપલોદ ગામે રાજેન્દ્રકુમાર બાબુભાઈ વણકર સાથે આજથી બારેક વર્ષ પહેલા સમાજની રીતરિવાજ મુજબ કરવામાં આવેલ છે. જેને સંતાનમાં ત્રણ બાળકો છે. તેમની છોકરી કૈલાશબેનનો ઘરસંસાર પાંચેક વર્ષ સુધી સારો ચાલતો હતો ત્યારબાદ છોકરી અવારનવાર રીસાઈને તેમના ઘરે આવતી રહેતી હતી અને તેમની પત્ની અમરીબેનને વાતો કરતી કે તેનો ઘરવાળો તુ કાળી છે, તુ ઘરનું કામ કરતી નથી તેમ કહી તેનો પતિ રાજેન્દ્રકુમાર તથા તેની સાસુ ચંપાબેન તથા સસરા બાબુભાઈ રત્નાભાઈ વણકર તેને મેણા ટોણા મારી શારીરીક તથા માનસીક ત્રાસ આપતા હોવાની હકીકત તેમની પત્ની દ્વારા જાણવા મળતું હતુ. આ લગ્નગાળાના સમય દરમ્યાન તેમની છોકરી આશરે વીસ થી પચ્ચીસ વાર ઘરે નળુ ગામે રીસાઈને આવતી રહેલી પરંતુ છોકરીનો ઘસ સંસાર બગડે નહી જેથી છોકરીને તેઓ તથા તેમની પત્ની તથા છોકરો તથા સમાજના સગા વહાલાઓ સમજાવી મુકી આવતા હતા.

ગઈ તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ સાંજના આશરે છ વાગ્યે તેમની છોકરી કૈલાશબેનનો તેમના જમાઈ રાજેન્દ્રકુમાર બાબુભાઈ વણકરના

મોબાઈલ ફોનથી ફોન આવેલ અને તેમને જણાવેલ કે તેની સાસુનું ત્રણસો રુપીયા મુકેલ પાકીટ ખોવાઈ ગયેલ જે તેની નાની છોકરી દિવ્યાને રમતા રમતા પાકીટ મળેલ જેમાં ત્રણસો રુપીયા ન હતા જેથી તેમના પતિએ આ પાકીટમાંથી રુપીયા ત્રણસો કાઢી લીધેલ છે તેમ કહી ઝગડો કરેલ અને તે દરમ્યાન તેના સસરા બાબુભાઈ રત્નાભાઈ વણકર તથા સાસુ ચંપાબેનનાઓ પણ હાજર હોય તુ ચો છે તેમ કહી તેમની સાથે બોલાચાલી કરેલ અને અગાઉ પણ અવારનવાર તેની સાથે આવું કરતો હોય તે જીવનથી કંટાળી ગયેલ છે જેથી તેના ઘરે સવારના આશરે અગીયારેક વાગ્યે ઝેરી દવા પી લીધેલ છે અને હાલમાં ગોધરા સરકારી દવાખાનામાં લાવેલ છે તેવું જણાવેલ જેથી તેઓ તથા તેમની પત્ની અમરીબેન તથા છોકરો અરવિંદભાઈ તથા તેની પત્ની ભુરીબેન એ રીતેના ગોધરા મોડી રાતના આશરે નવેક વાગ્યે પહોંચી ગયેલ. તે દરમ્યાન તેમની છોકરી ભાનમાં હતી અને તેના સાથે જમાઈ રાજેન્દ્રકુમાર તથા બીજા તેમના ફોઈ હાજર હતા. દવા સારવાર ચાલુ હતી અને બીજા દિવસે તા.૦૮/૧૦/૨૦૨૫ ના રોજ સવારના આઠેક વાગ્યે વધુ સારવાર માટે સુર્યોદય હોસ્પિટલમાં લઈ ગયેલ અને ત્યાં દવા સારવાર ચાલુ હતી પરંતુ ભાનમાં આવેલ નહી અને ગઈકાલે સાંજના તા.૦૯/૧૦/૨૦૨૫ ના રોજ આશરે પાંચેક વાગ્યે તેઓ તેમના ઘરે જવા માટે નીકળી ગયેલ અને મોડી રાતના આશરે દસેક વાગ્યે તેમના મોબાઈલ ફોન ઉપર ફોન આવેલ અને તેમને જણાવેલ કે કૈલાશ સીરીયસ છે, તમે આવો તેવી વાત કરતા મોડી રાતના બારેક વાગ્યે તેઓ તથા મનુભાઈ લક્ષ્મણભાઈ તથા હીરાભાઈ નાથાભાઈ તથા અરવિંદભાઈ મોહનભાઈ તથા બીજા માણસો ગોધરા ગયેલ અને જોયેલ તો તેમની દિકરીના મોઢા ઉપર ઓક્સીજનની પાઈપ પહેરાવેલ હતી. ઓક્સીજન ચાલુ હતું અને આજરોજ વહેલી સવારના સાડા પાંચેક વાગ્યે ડૉક્ટર સાહેબે તેમની છોકરી કૈલાશબેન મરણ ગયેલ હોવાનું જણાવેલ હતું."

(૧૩.૪) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧ તરીકે ફરિયાદી મોહનભાઈ નાથાભાઈ વણકરની આંક-૧૦ થી જુબાની લેવામાં આવી છે જેમાં તેઓએ જણાવેલ છે કે તેમની છોકરી કૈલાશબેનના લગ્ન પીપલોદ ગામે રાજેન્દ્રકુમાર બાબુભાઇ વણકરનાઓની સાથે બારેક વર્ષ પહેલા જ્ઞાતિના રીતરિવાજ મુજબ

થયેલા. લગ્નજીવનથી તેમને ત્રણ બાળકો હતા જેમાં સૌથી મોટી છોકરી દિવ્યાબેન, તેના પછીનો છોકરો વિવેકકુમાર, તેના પછીનો છોકરો વિધાન છે. તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ તેમના જમાઈ રાજેન્દ્રકુમારનો ફોન આવેલો અને તેણે કહેલ કે, કૈલાશને કંઇક થઇ ગયેલ છે અને તેણીને ગોધરા સરકારી દવાખાને લઈ ગયેલ છે તેવી જાણ થતાં તેઓ તથા તેમની પત્ની અમરીબેન તથા છોકરો અરવીંદભાઈ એ રીતના ગોધરા સરકારી દવાખાને ગયેલા અને ત્યાં જઈને જોયેલ તો આ છોકરી કૈલાશની દવા સારવાર ચાલતી હતી અને તે બેભાન જેવી હાલતમાં હતી અને બીજા દિવસે સવાર આઠેક વાગે વધુ સારવાર માટે સુર્યોદય હોસ્પીટલ ખાતે લઈ ગયેલ અને સારવાર દરમ્યાન તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ મરણ ગયેલ. ત્યારબાદ છોકરીને ગોધરા સરકારી દવાખાને પી.એમ. કરાવડાવી તેની અંતિમ વિધિ પીપલોદ મુકામે તેની સાસરીમાં કરેલી. આ તેમની છોકરી કયા કારણસર મરણ ગયેલ છે તેની તેમને ખબર નથી. ત્યારબાદ ગામના માણસોના કહેવાથી તેમણે પીપલોદ પો.સ્ટે. તેમના જમાઈ રાજેન્દ્રકુમાર તથા તેના પિતા બાબુભાઈ રતનાભાઈ તથા તેની માતા ચંપાબેન બાબુભાઈનાઓ વિરુદ્ધ ફરિયાદ કરેલી. ફરિયાદમાં તેમની સહી ઓળખી બતાવી આંક-૧૧ થી રજુ કરે છે.

સદર ફરિયાદીએ ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન ના કરતા વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને વિગતવાર ઉલટતપાસ કરવા છતાં ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી કોઈ હકીકત જણાવતા નથી.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં સદરહું સાહેદે એ હકીકત સ્વીકારી છે કે તેમની પુત્રી કૈલાશબેનના આશરે બાર વર્ષના લગ્નજીવન દરમ્યાન તેમનો ઘરસંસાર સારી રીતે ચાલતો હતો અને તેમની દિકરી કૈલાશબેનને તેના પતિ રાજેન્દ્રકુમાર સાથે કોઈ અણબનાવ ન હતો. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની દિકરી કૈલાશબેનને તેના પતિ રાજેન્દ્રકુમાર, તેના સસરા બાબુભાઈ રતનાભાઈ, તેના સાસુ ચંપાબેન બાબુભાઈનાઓએ કયારેય પણ શારીરીક માનસીક ત્રાસ આપેલ નથી કે તેણી ઘરમાંથી કાઢી મુકેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની પુત્રી કૈલાશબેન તેના લગ્નજીવન દરમ્યાન કયારેય પણ રીસાઈને તેમના ઘરે

આવેલ નથી કે કયારેય પણ તેણીને તેની સાસરીમાં ત્રાસ હોવા બાબતની કોઇ વાતચીત કરેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવના સમયે તેમની દીકરી કૈલાશબેન બીમાર હતી અને તેની દવા સારવાર ચાલુ હતી અને તેમને પાછળથી એવું જાણવા મળેલ કે તેની સારવારમાં તેને પીવાની દવા પીધેલ હતી તેની કોઇ આડઅસરના કારણે તેનું અવસાન થયેલ. એ હકીકત સ્વીકારી છે કે તેમની પુત્રી કૈલાશબેનને આપઘાત કરવા માટે હાલના આરોપીઓએ કોઇ દુષ્પ્રેરણ કરેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફરિયાદ કરવા માટે ગામના આગેવાનો પોલીસ સ્ટેશનમાં સાથે આવેલા અને પો.સ્ટે.માં ફરિયાદની હકીકત આગેવાનોએ લખાવેલી. તેમણે માત્ર લખેલા કાગળમાં સહી કરેલી તે સિવાય ફરિયાદમાં શું લખેલ છે તેની તેમને ખબર નથી.

(૧૩.૫) ફરિયાદ પક્ષના સાહેદ નં.૨ અમરીબેન મોહનભાઈ વણકરને આંક–૧૨ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેમની છોકરી કૈલાશબેનના લગ્ન પીપલોદ ગામે રાજેન્દ્રકુમાર બાબુભાઇ વણકરનાઓની સાથે બારેક વર્ષ પહેલા જ્ઞાતિના રીતરિવાજ મુજબ થયેલા. તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ તેમના જમાઇ રાજેન્દ્રકુમારનો ફોન આવેલો અને તેણે કહેલ કે, કૈલાશને કંઇક થઇ ગયેલ છે અને તેણીને ગોધરા સરકારી દવાખાને લઇ ગયેલ છે તેવી જાણ થતાં તેઓ, તેમના પતિ, તથા છોકરો અરવીંદભાઇ એ રીતના ગોધરા સરકારી દવાખાને ગયેલા અને ત્યાં જઇને જોયેલ તો આ છોકરી કૈલાશની દવા સારવાર ચાલતી હતી અને તે બેભાન જેવી હાલતમાં હતી અને બીજા દિવસે સવાર આઠેક વાગે વધુ સારવાર માટે સુર્યોદય હોસ્પીટલ ખાતે લઇ ગયેલ અને સારવાર દરમ્યાન તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ મરણ ગયેલ. ત્યારબાદ છોકરીને ગોધરા સરકારી દવાખાને પી.એમ. કરાવડાવી તેની અંતિમ વિધિ પીપલોદ મુકામે તેની સાસરીમાં કરેલી. આ તેમની છોકરી કયા કારણસર મરણ ગયેલ છે તેની તેમને ખબર નથી. ત્યારબાદ ગામના માણસોના કહેવાથી તેમના પતિએ પીપલોદ પો.સ્ટે. તેમના જમાઇ રાજેન્દ્રકુમાર તથા તેના પિતા બાબુભાઇ રતનાભાઇ તથા તેની માતા ચંપાબેન બાબુભાઇનાઓ વિરુદ્ધ ફરિયાદ કરેલી.

સદર સાહેદે ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન ના કરતા વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને વિગતવાર ઉલટતપાસ કરવા છતાં ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી કોઈ હકીકત જણાવતા નથી.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં સદરહું સાહેદે એ હકીકત સ્વીકારી છે કે તેમની પુત્રી કૈલાશબેનના આશરે બાર વર્ષના લગ્નજીવન દરમ્યાન તેમનો ઘરસંસાર સારી રીતે ચાલતો હતો અને તેમની દિકરી કૈલાશબેનને તેના પતિ રાજેન્દ્રકુમાર સાથે કોઇ અણબનાવ ન હતો. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની દિકરી કૈલાશબેનને તેના પતિ રાજેન્દ્રકુમાર, તેના સસરા બાબુભાઇ રતનાભાઇ, તેના સાસુ ચંપાબેન બાબુભાઇનાઓએ કયારેય પણ શારીરીક માનસીક ત્રાસ આપેલ નથી કે તેણી ઘરમાંથી કાઢી મુકેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની પુત્રી કૈલાશબેન તેના લગ્નજીવન દરમ્યાન કયારેય પણ રીસાઇને તેમના ઘરે આવેલ નથી કે કયારેય પણ તેણીને તેની સાસરીમાં ત્રાસ હોવા બાબતની કોઇ વાતચીત કરેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવના સમયે તેમની દીકરી કૈલાશબેન બીમાર હતી અને તેની દવા સારવાર ચાલુ હતી અને તેમને પાછળથી એવું જાણવા મળેલ કે તેની સારવારમાં તેને પીવાની દવા પીધેલ હતી તેની કોઇ આડઅસરના કારણે તેનું અવસાન થયેલ. એ હકીકત સ્વીકારી છે કે તેમની પુત્રી કૈલાશબેનને આપઘાત કરવા માટે હાલના આરોપીઓએ કોઇ દુષ્પ્રેરણ કરેલ નથી.

તે જ રીતે ફરિયાદ પક્ષના સાહેદ નં.૩ અરવિંદભાઈ મોહનભાઈ વણકરનાઓને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તે મરણજનાર કૈલાશબેનના ભાઈ છે અને તેઓની જુબાની જોતા તેઓએ ફરિયાદ પક્ષના સાહેદ નં.૧, ૨ કે જેઓ તેમના માતા પિતા છે તેઓની જુબાની મુજબની જ જુબાની આપી છે અને ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

ફરિયાદ પક્ષના સાહેદ નં.૪ મનુભાઈ ભાણાભાઈ વણકરને આંક–૧૪ થી તપાસવામાં આવેલ છે. તેમજ સાહેદ નં.૫ રામાભાઈ વાલાભાઈ વણકરને આંક–૧૫ થી તપાસવામાં આવેલ છે. આ બન્ને સાહેદો

તે મરણજનાર કૈલાશબેનના મામા થાય છે અને તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે તેમની ભાણી કૈલાશબેનના લગ્ન પીપલોદ ગામે રાજેન્દ્રકુમાર બાબુભાઇ વણકરનાઓની સાથે આશરે બારેક વર્ષ અગાઉ થયેલા. તા.૦૮/૧૦/૨૦૨૫ ના રોજ તેઓ તેમના ઘરે હતા તે વખતે સાંજના સમયે નળુ ગામેથી તેમના બનેવી મોહનભાઈ નાથુભાઈનો તેમના મોબાઈલ ઉપર ફોન આવેલો અને જણાવેલ કે, તમારી ભાણી કૈલાશને કંઈક થઈ ગયેલ છે અને તેણીને ગોધરા સુર્યોદય હોસ્પીટલમાં દાખલ કરેલ છે

સદર સાહેદોએ ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન ના કરતા વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને વિગતવાર ઉલટતપાસ કરવા છતાં ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી કોઈ હકીકત જણાવતા નથી.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં સદરહું સાહેદોએ એ હકીકત સ્વીકારી છે કે તેમની ભાણી કૈલાશબે બાર વર્ષના લગ્નજીવન દરમ્યાન ઘરસંસાર સારી રીતે ચાલતો હતો અને કૈલાશબેનને તેના પતિ રાજેન્દ્રકુમાર સાથે કોઈ અણબનાવ ન હતો. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની ભાણી કૈલાશબેનને તેના પતિ રાજેન્દ્રકુમાર, તેના સસરા બાબુભાઈ રતનાભાઈ, તેના સાસુ ચંપાબેન બાબુભાઈનાઓએ કયારેય પણ શારીરીક માનસીક ત્રાસ આપેલ નથી કે તેણી ઘરમાંથી કાઢી મુકેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમની ભાણી કૈલાશબેન તેના લગ્નજીવન દરમ્યાન કયારેય પણ રીસાઈને તેમના ઘરે આવેલ નથી કે કયારેય પણ તેણીને તેની સાસરીમાં ત્રાસ હોવા બાબતની કોઈ વાતચીત કરેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવના સમયે તેમની ભાણી કૈલાશબેન બીમાર હતી અને તેની દવા સારવાર ચાલુ હતી અને તેમને પાછળથી એવું જાણવા મળેલ કે તેની સારવારમાં તેને પીવાની દવા પીધેલ હતી તેની કોઈ આડઅસરના કારણે તેનું અવસાન થયેલ. એ હકીકત સ્વીકારી છે કે તેમની ભાણી કૈલાશબેનને આપઘાત કરવા માટે હાલના આરોપીઓએ કોઈ દુષ્પ્રેરણ કરેલ નથી.

(૧૩.૬) ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૦ તરીકે ડૉ. ચંદ્રીકાબેન શાંતીલાલ મકવાણાને આંક-૨૩ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની વંચાણે

લેવામાં આવે તો તેઓ તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ સી.એચ.સી. પીપલોદ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હતી તે વખતે દર્દી નામે કૈલાશબેન રાજેશભાઇ વણકરનાઓને બપોરના ૦૧:૨૦ કલાકે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે તેમની પાસે લાવવામાં આવેલ. દર્દી જયારે આવેલ ત્યારે તેણીને ઉલ્ટી ઉબકા અને ચકકર આવતા હતા અને તેણીએ ઓ.પી. પોઇઝન પીધેલ જણાયેલ હતું. તેણીની પુરેપુરી ભાનમાં ન હતી. તેના ધબકારા વધઘટ થતા હતા. ઓકસીજનનું પ્રમાણ વધઘટ થતું હતું. તેણીની સારવારમાં ઈન્જેકશન એન.એસ.૫૦૦ એમ.એલ. સાથે ઈન્જેકશન એટ્રોપીન ૨ એમ.એલ. મીક્ષ કરીને નશ મારફતે બોટલ ચઢાવેલ હતો અને વધુ સારવાર માટે દાહોદ ઝાયડસ સીવીલ હોસ્પીટલમાં રીફર કરેલ હતા. તેમને નિ.૯/૫ વાળુ એમ.એલ.સી. બતાવવામાં આવે છે તેમાં તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરી તેમાં સહી તથા હોદ્દાનું સીલ કરી આપવામાં આવેલ જેને આંક-૨૪ આપવામાં આવે છે.

બચાવ પક્ષ તર્ફેની ઉલટતપાસમાં સદરહું સાહેદે એ હકીકત સ્વીકારી છે કે દર્દીની કોઇ પુછપરછ તેઓએ કરેલ નહીં. સાહેદ જણાવે છે કે, દર્દી બેભાન અવસ્થામાં હતા. વધુમાં એ હકીકત સ્વીકારી છે કે ઉલ્ટી, ઉબકા આવવાના બીજા ઘણા કારણો છે. વધુમાં એ હકીકત સ્વીકારી છે કે દર્દીએ પોઇઝન પીધેલ હોય તે સબંધેનો કોઇ ટેસ્ટ તેઓએ કરાવેલ નથી અને ટેસ્ટ કરાવ્યા વિના દર્દીએ પોઇઝન પીધેલ હોવાનું ચોકકસપણે કહી શકાય નહીં.

(૧૩.૭) ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૧ તરીકે ડૉ. નિશાંત જયંતીલાલ શેઠને આંક-૨૫ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તે સુર્યોદય હોસ્પિટલ નામની પ્રાઈવેટ હોસ્પિટલ ચલાવે છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે તા.૦૮/૧૦/૨૦૨૫ ના રોજ સુર્યોદય હોસ્પીટલ ગોધરા ખાતે હાજર હતા તે વખતે દર્દી નામે કૈલાશબેન રાજેશભાઇ વણકરનાઓને સવારના ૧૦:૦૦ કલાકે સીવીલ હોસ્પીટલ ગોધરા ખાતે પ્રાથમિક સારવાર લઇ તેમની હોસ્પીટલમાં લાવવામાં આવેલ. દર્દી જયારે તેમની પાસે આવેલ ત્યારે તેણીને તપાસતા ઉલ્ટી ઉબકા અને ચકકર આવતા હતા અને તેણીના પતિએ હીસ્ટ્રી આપતા જણાવેલ કે તેણીએ અજાણી ઝેરી દવા પીધેલી છે. તેણીની સારવારમાં એટ્રોપીન ઇન્જેકશન આપેલા તથા નાક વાટે અને શરીરના

નીચેના ભાગે નળીઓ લગાવી શરીરમાં ગયેલ ઝેરને બહાર નીકળવાનો પ્રયત્ન કરેલો તેમજ બ્લડ ટેસ્ટ કરાવેલ જેમાં પોઈઝનની માત્રા ખુબ જ વધારે આવેલી અને ઓ.પી. પોઈઝન હોવાનું જણાયેલ. સદર દર્દીનું તેમની હોસ્પીટલના અંદરના દર્દી તરીકે સારવાર દરમ્યાન તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ સવારના ૦૫:૩૦ કલાકે મરણ થયેલ. જે અંગે આગળની કાર્યવાહી માટે પીપલોદ પો.સ્ટે. યાદી કરેલ. તેમને એમ.એલ.સી. બતાવવામાં આવે છે તેમાં તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરી તેમાં તેમની સહી તથા હોદ્દાનું સીલ કરી આપેલ જેને આંક–૨૬ થી રજુ છે.

બચાવ પક્ષ તર્ફેની ઉલટતપાસમાં સદરહું સાહેદે એ હકીકત સ્વીકારી છે કે દર્દીની કોઇ પુછપરછ તેઓએ કરેલ નહી. સાહેદ જણાવે છે કે દર્દી બેભાન અવસ્થામાં હતા. વધુમાં એ હકીકત સ્વીકારી છે કે ઉલ્ટી ઉબકા આવવાના બીજા ઘણા કારણો છે. એ હકીકત સ્વીકારી છે કે ઝેરની માત્રા દર્શાવતો રીપોર્ટ એમ.એલ.સી. સાથે આપેલ નથી. સાહેદ જણાવે છે કે સીવીલ હોસ્પિટલમાં આવો રીપોર્ટ આપેલ છે.

(૧૩.૮) ફરિયાદ પક્ષના સાહેદ નં.૧૩ તરીકે ડૉ. પરીમલ ભરતકુમાર જણસારીને આંક–૨૯ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ બનાવ સમયે ગોધરા જનરલ હોસ્પિટલ ખાતે ફરજ ઉપર હાજર હતા. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ ગોધરા જનરલ હોસ્પીટલ ખાતે ફરજ ઉપર હતા તે દરમ્યાન કૈલાશબેન રાજેન્દ્રકુમાર વણકર, ઉ.વ.૨૮ નાઓને સી.એચ.સી. પીપલોદના રીફર મેમા સાથે તેમની પાસે સારવાર માટે લાવવામાં આવેલ. તેઓને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે લાવવામાં આવેલ. તેઓની હીસ્ટ્રી તેના પતિએ આપેલી અને જણાવેલ કે જંતુનાશક દવા તેણીએ તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ વાગ્યે પી લીધેલ છે. જે દરમ્યાન દર્દીની હાલત અર્ધબેભાન અવસ્થામાં હતી અને સમય, સ્થળ અને વ્યકિતને ઓળખી શકતા ન હતા. તેના નાડીના ધબકારા દર મીનીટે ૭૮ હતા. બ્લડ પ્રેશર ૧૧૪/૭૮ હતું અને જેઓને વધુ સારવાર માટે હોસ્પીટલ મેડીસીન આઇ.સી.યુ. વિભાગમાં દાખલ કરેલા. ત્યારબાદ તેઓ હોસ્પીટલના ડૉકટરની સલાહ વિરૂદ્ધ તા.૦૮/૧૦/૨૦૨૫ ના રોજ સવારે ૦૯:૩૫ કલાકે અન્યત્ર સ્થળે સારવાર અર્થે લઇ ગયેલા હતા. તેમને

નિ.૯/૬ વાળુ મેડીકલ સર્ટી. બતાવવામાં આવે છે જે તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરી તેમાં તેમની સહી તથા હોદ્દાનું નિશાન કરી આપેલ. જેને ઓળખું છું જેને આંક–૩૦ આપવામાં આવે છે.

વધુમાં આ સાહેદે જણાવેલ છે કે તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હતા તે વખતે મરણજનાર કૈલાશબેન રાજેન્દ્રકુમાર વણકર, રહે.પીપલોદ, તા.દે.બારીયા, જી.દાહોદનાઓની લાશનું પી.એમ. થવા સારૂ પીપલોદ પો.સ્ટે.ની યાદી સાથે લાવવામાં આવેલ. જે યાદીને આંક–૩૧ આપવામાં આવે છે. સદર લાશનું પી.એમ. તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ સાંજના ૦૫:૧૫ કલાકે શરૂ કરી ૦૭:૧૫ કલાકે પૂર્ણ કરેલ. સદર લાશનું બાહ્ય પરીક્ષણ કરતા સદર લાશ એક હિન્દુ સ્ત્રીની હતી અને તેની ઉંમર આશરે ૨૫ વર્ષની હતી. લાશની અકડાઇ જવાની પ્રક્રિયા મોઢાના ભાગે થયેલ હતી તેમજ તે પછીના ભાગમાં શરૂઆતના સ્ટેજમાં હતી. પી.એમ. લીવીડીટી ખભાના પાછળના ભાગે સ્થીર હતી અને બીજા ભાગોમાં ન હતી. બંને આંખો બંધ હતી અને જીભ મોઢાની અંદર હતી અને દાંત દેખાતા હતા અને મોઢુ અર્ધખુલ્લુ હતુ, મોઢામાંથી સફેદ કલરનું પ્રવાહી દેખાતું હતું. કાન અને નાક સામાન્ય હતા. સદર લાશની ગુપ્ત ભાગે કોઇ ઈજાના નિશાન ન હતા. સદર લાશની આંતરીક તપાસ કરતા માથા તેમજ ખોપરીના ભાગે કોઇ ઈજા ન હતી તેમજ કોઇ ફ્રેકચર ન હતું, મગજ સામાન્ય અને કન્જેસ્ટેડ હતું. છાતીના ભાગે ખોલી જોતાં પાંસળીઓના ભાગે કોઇ ઈજા ન હતી. કન્ઠેન્દ્રીય, શ્વાસનળી, કલોમ સામાન્ય હતા. ડાબુ ફેફસું તેમજ જમણા ફેફસામાં બહારના આવરણમાં વાદળી કલરનું થયેલ હતું, હદયનું આવરણ સામાન્ય હતું અને મોટી રકતવાહીનીઓ સામાન્ય હતી અને લોહીથી ભરેલ હતી. પેટની અંદરની ત્વચાનું આવરણ સામાન્ય હતું. પોલાણ, ઉદરગુહા સામાન્ય હતા. મોનું બોખ, દાંત, જીભ, કંઠનળી, અન્નનળી પેજ અને કન્જેસ્ટેડ હતી. પેટની અંદરથી અર્ધપચેલ ખોરાકના કણો મળી આવેલ જે દુર્ગંધ મારતા હતા, નાના આંતરડામાં પચેલ ખોરાક અને મળ હતું. મોટા આંતરડામાં ગેસ અને મળ હતું. યકૃત, પિત્તાશય, અન્નાશય, અધિવૃકો, બરોળ, મૃત્રપીંડો સામાન્ય હતા. પેશાબની કોથળી ખાલી હતી.

જનેન્દ્રીય સામાન્ય હતી. સદર લાશમાંથી પૃથ્થકરણ માટે નીચે મુજબના નમુના લેવામાં આવેલા.

તેમના મત મુજબ ગુજરનારના મૃત્યુનું કારણ એફ.એસ.એલ. રીપોર્ટ ન આવે ત્યાં સુધી મુલત્વી રાખવામાં આવેલું. તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ પત્ર ક્રમાંક : રફશલ/ઈ/૨૦૨૫/ટી/૨૧૪૧, તા.૨૧/૧૧/૨૦૨૫ ના રોજ એફ.એસ.એલ. સુરતના રીપોર્ટના આધારે મૃત્યુનું ચોકકસ કારણ આપવામાં આવેલ. ફૌરેટ નામની ઓર્ગેનો ફોસ્ફરસ નામની ઝેરી દવા પીવાથી હૃદય અને શ્વાસોશ્વાસની ક્રિયા બંધ થવાને કારણે મૃત્યુ થયેલ છે. તેમને પી.એમ. નોટ બતાવવામાં આવે છે તેમાં તેમની સહી છે તથા આ પી.એમ. નોટ તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરી સહી કરેલી તે સહી તથા હોદ્દાનું સીલ છે જે ઓળખે છે જેને આંક–૩૩ આપવામાં આવે છે.

બચાવ પક્ષ તર્ફેની ઉલટતપાસમાં સદરહું સાહેદે એ હકીકત સ્વીકારી છે કે દર્દીને સારવાર માટે લાવેલા તે સમયે તેમનો ઝેરનો રીપોર્ટ કરાવેલ હોય તેવું એમ.એલ.સી.માં નોંધ કરેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે તેમણે ઇન્કવેસ્ટ પંચનામા મુજબની વિગતો મેડીકલ સર્ટી. માં લખી લીધેલી. એ હકીકત સ્વીકારી છે કે ગુજરનારની લાશને તેમની સમક્ષ પી.એમ. માટે લાવેલ ત્યારે ઝેરનો રીપોર્ટ રજુ કરેલ નહી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે પી.એમ. કર્યુ ત્યારે ગુજરનારનું મૃત્યુ ઝેરના કારણે થયુ હોય તેવું જણાયેલ નહી. એ હકીકત સ્વીકારી છે કે કોલીએસ્ટ્રસ્ટ (લોહીનો રીપોર્ટ તથા યુરીનનો રીપોર્ટ) વિના તે વ્યકિતએ ઝેર પીધુ છે તેવું ચોકકસ શકી શકાય નહી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે તેમણે જે વિસેરા લીધેલા તે સીલપેક કરવા માટે તેમના સ્ટાફને આપેલા અને પોલીસને વિસેરા સોંપ્યા સંબંધેની સહી કરાવેલી નથી.

(૧૩.૯) ફરિયાદ પક્ષ તર્ફે પંચ સાહેદ નં.૬ તરીકે રત્નાભાઈ કસનાભાઈ વણકરને આંક–૧૭ થી તેમજ સાહેદ નં.૮ તરીકે મનુભાઈ ભગાભાઈ વણકરને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે. આ બન્ને પંચ સાહેદો આંક–૧૮ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે પીપલોદ પોલીસ સ્ટેશને ગયેલ ત્યારે પોલીસે તેમની એક લખેલા કાગળમાં સહી કરાવેલી અને આંક–૧૮ ના પંચનામામાં

પંચ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. તે સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી. આમ, આ બન્ને પંચ સાહેદો ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કરતા ના હોવાથી તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા બન્ને સાહેદોની વિસ્તારપૂર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ ફરિયાદ પક્ષને મદદરુપ થાય તેવી કોઈ ફળદાયી હકીકત મળી આવેલી નથી.

બચાવ પક્ષ તર્ફેની ઉલટતપાસમાં સદરહું સાહેદે એ હકીકત સ્વીકારી છે કે પોલીસે તેમની લખેલા તૈયાર પંચનામામાં સહી કરાવેલી તે સિવાય બીજી કામગીરી તેમની હાજરીમાં કરલ નથી.

(૧૩.૧૦) ફરિયાદ પક્ષ તર્ફે પંચ સાહેદ નં.૭ તરીકે શાંતીલાલભાઈ મીઠાભાઈ વણકરને આંક–૧૯ થી તેમજ સાહેદ નં.૯ તરીકે મહેશભાઈ ભાણાભાઈ વણકરને આંક–૨૨ થી તપાસવામાં આવેલ છે. આ બન્ને પંચ સાહેદો આંક–૨૦ થી રજુ ડેમોસ્ટ્રેશન પંચનામાના પંચ સાહેદો છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે પીપલોદ પોલીસ સ્ટેશને ગયેલ ત્યારે પોલીસે તેમની એક લખેલા કાગળમાં સહી કરાવેલી અને આંક–૨૦ ના પંચનામામાં પંચ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. તે સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી. આમ, આ બન્ને પંચ સાહેદો ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કરતા ના હોવાથી તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા બન્ને સાહેદોની વિસ્તારપૂર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ ફરિયાદ પક્ષને મદદરુપ થાય તેવી કોઈ ફળદાયી હકીકત મળી આવેલી નથી.

બચાવ પક્ષ તર્ફેની ઉલટતપાસમાં સદરહું સાહેદે એ હકીકત સ્વીકારી છે કે પોલીસે તેમની લખેલા તૈયાર પંચનામામાં સહી કરાવેલી તે સિવાય બીજી કામગીરી તેમની હાજરીમાં કરલ નથી.

ફરિયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલ જુદા–જુદા પંચ સાહેદોના પંચોની જુબાનીઓ જોવામાં આવે તો તેઓની જુબાનીઓથી પંચનામા પુરવાર થતા નથી.

(૧૩.૧૧) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧૨ તરીકે ત.ક.અમલદાર દશરથસીંહ ભુપતસિંહ સોલંકીને આંક–૨૭ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવે છે કે તેઓ તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ પીપલોદ પો.સ્ટે ખાતે અ.હે.કો. તરીકે ફરજ પર હતા તે વખતે પીપલોદ પો.સ્ટે. અકસ્માત મોત નં.૧૪/૨૦૨૫, બી.એન.એન.એસ.ની કલમ ૧૯૪ મુજબની તપાસ તેમને મળતા સંભાળેલ. તેઓ આજરોજ સુચીપત્ર લાવેલ છે જેમાં પી.એસ.ઓ. આઇ.બી.પટેલનાઓની સહી છે જે ઓળખે છે જેને આંક–૨૮ આપવામાં આવેલ છે. અકસ્માત મોત નં. ૧૪/૨૦૨૫ મુજબની તપાસ મળેથી તેઓ ગોધરા સરકારી દવાખાને ગયેલ અને ત્યાં મરણ જનાર કૈલાસબેનનુ ત્રણ પંચોની હાજરીમાં ઇન્કવેસ્ટ પંચનામુ કરી કૈલાસબેનનુ પી.એમ. કરાવડાવેલ. આંક–૧૬ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં ત્રણ પંચો તથા રૂબરૂ તરીકે તેમની સહી છે જે ઓળખે છે. સદર કામે બી.એન.એસ. ની કલમ ૧૦૮, ૮૫, ૫૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય આગળની તપાસ પી.એસ.આઇ જે.બી. તડવીનાઓને સોંપેલ.

બચાવ પક્ષ તર્ફેની ઉલટતપાસમાં સદરહું સાહેદે એ હકીકત સ્વીકારી છે કે અકસ્માત મોતના કામે ગુજરનારના પીયર પક્ષના કોઇ વ્યકિતઓના જવાબો લીધેલા નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે પંચોની હાજરીમાં ઇન્કવેસ્ટ પંચનામુ કરેલ નથી.

(૧૩.૧૨) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧૪ તરીકે ત.ક.અમલદાર જશવંતસીંહ બકોરભાઈ તડવીને આંક–૩૪ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવે છે કે તેઓ તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ પીપલોદ પો.સ્ટે ખાતે પી.એસ.આઇ. તરીકે ફરજ પર હતો તે વખતે પીપલોદ પો.સ્ટે. અકસ્માત મોત નં.૧૪/૨૦૨૫ બી.એન.એન.એસ.ની કલમ ૧૯૪ મુજબની તપાસ અ.હે.કો દશરથભાઈનાઓ કરતા હતા ત્યારબાદ આ કામના ફરીયાદી મોહનભાઇ નાથાભાઇનઓએ મારી રૂબરૂ આવી તેઓની ફરીયાદ લખાવતા તેઓના લખાવા મુજબની ફરીયાદ હકીકત લખી લઈ સદર ફરીયાદને પીપલોદ પો.સ્ટે. પાર્ટ–એ ગુ.રજી.નં. ૧૨૨૪/૨૦૨૫ બી.એન.એસ.ની કલમ ૧૦૮, ૮૫, ૫૪ મુજબનો ગુનો દાખલ કરી તેમણે સંભાળેલી. ગુનાના સુચીપત્રમાં તેમની સહી છે જેને આંક–૩૫ આપવામાં

આવે છે. ત્યારબાદ આ ગુનાના કામે અકસ્માત મોત નં.૧૪/૨૦૨૫ ના કામે અ.હે.કો. દશરથભાઈનાઓ પાસેથી તપાસના કાગળો સંભાળી લઈ આ ગુનાની તપાસ ચાલુ કરેલ આ ગુનાના કામે એફ.એસ.એલ. અધિકારીને બોલાવી ગુનાવાળી જગ્યાએ હાજર રાખી તેઓની હાજરીમાં ગુનાવાળી જગ્યાનુ બે પંચોની હાજરીમાં વિગતવારનુ પંચનામુ કરેલ. આંક-૧૮ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં બે પંચો તથા રૂબરૂ તરીકે તેમની સહી છે જે ઓળખુ છું. આ કામે એફ.એસ.એલ. અધિકારીશ્રીએ ગુનાવાળી જગ્યાનુ સ્થળ પરીક્ષણ કરી અહેવાલ તેઓને સોંપેલ. એ અહેવાલને આંક-૩૬ આપવામાં આવે છે. આ ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લેવામાં આવેલ.

ત્યારબાદ આ ગુનાના કામે મરણજનારના વિસેરા લઈ મેડીકલ ઓફીસરે તેમને સોંપેલ જે વિસેરાની રવાનગી નોંધ તૈયારી કરી પરીક્ષણ અર્થે એફ.એસ.એલ. સુરત ખાતે મોકલવામાં આવેલ. જે રવાનગી નોંધમાં તેમની સહી છે જેને આંક-૩૭ આપવામાં આવે છે. સદર મુદ્દામાલ પરીક્ષણ અર્થે એફ.એસ.એલ. સુરત ખાતે મળી ગયેલ છે તેની પહોંચને આ કામે આંક-૩૮ આપવામાં આવેલ છે. મોકલાયેલ મુદ્દામાલનુ પરીક્ષણ થઈ જેનો અહેવાલ આવી ગયેલ છે જેને આંક-૩૯ આપવામાં આવે છે. સ્ટેશન ડાયરીની ઓનલાઈન નકલ લાવેલો જેને આંક-૪૦ આપવામાં આવે છે. ત્યારબાદ પીપલોદ પો.સ્ટે.ના પી.એસ.આઈ. જી.બી. રાઠવાનાઓ હાજર થતા સદર ગુનાની તપાસ તેઓને સોંપેલ.

બચાવ પક્ષ તર્ફેની ઉલટતપાસમાં સદરહું સાહેદે એ હકીકત સ્વીકારી છે કે આરોપી પક્ષના કોઈ સાહેદના નિવેદન લીધેલા નથી. બાકીની તમામ ખંડનાત્મક હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૧૩.૧૩) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧૫ તરીકે ત.ક.અમલદાર ગમીરસીંગ ભગુડીયાભાઈ રાઠવાને આંક-૪૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવે છે કે તેઓ તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ ગાંધીનગર ખાતે ટ્રેનીંગમાં હોઈ પીપલોદ પો.સ્ટે.નો ચાર્જ પી.એસ.આઈ. જે.બી.તડવીનાઓને સોંપેલ. ત્યારબાદ તા.૩૦/૦૧/૨૦૨૬ ના રોજ ટ્રેનીંગ પુરી થયા બાદ પીપલોદ પો.સ્ટે.નો ચાર્જ તેમણે સંભાળેલ . ત્યારબાદ

પીપલોદ પો.સ્ટે. પાર્ટ–એ ગુ.રજી.નં. ૧૨૨૪/૨૦૨૫ બી.એન.એસ.ની કલમ ૧૦૮, ૮૫, ૫૪ મુજબના ગુનાની તપાસ સંભાળેલી. આ ગુનાના કામે સાહેદ ગંગાબેન લાલાભાઇ વણકર, સાહેદ લાલાભાઇ રત્નાભાઇ વણકર, સાહેદ લીલાબેન કનુભાઇ વણકર, સાહેદ મુકેશભાઇ બાબુભાઇ વણકરનાઓના નિવેદન તેઓના લખાવ્યા મુજબ તા.૦૫/૦૨/૨૦૨૬ ના રોજ નોંધવામાં આવેલ. ત્યારબાદ આ ગુનાના આરોપીની અવારનવાર શોધખોળ કરતા તેઓ મળી આવતા ના હોઈ આ ગુનાની અપડત સમરી મહે. જયુ.મેજી.ફ.ક., દેવ.બારીયાનાઓ સમક્ષ તપાસ ચાલુ રાખવાની શર્તે ભરવામાં આવેલ. ત્યારબાદ આ ગુનાનો નાસતો ફરતો આરોપી રાજેન્દ્ર બાબુભાઇ વણકરનાઓને તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ તેનો અટક મેમો લાવેલ છુ. તે રજુ કરુ છુ. જેમાં તેમની સહી છે જેને આંક–૪૨ આપવામાં આવે છે. ત્યારબાદ આ ગુનાના બીજા આરોપીઓ ચંપાબેન બાબુભાઈ વણકર તથા બાબુભાઈ રત્નાભાઇ વણકરનાઓને તા.૧૨/૦૨/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ તેઓના અટક મેમાને અનુક્રમે આંક–૪૩ તથા આંક–૪૪ આપવામાં આવે છે. ત્યારબાદ આ ગુનાનો આરોપી રાજેન્દ્રકુમાર બાબુભાઈ વણકરનાઓ સ્વખુશીથી ગુનાવાળી જગ્યા બતાવા માંગતો હોઈ બે સ્થાનિક પંચોને બોલાવી તે અંગેનુ પ્રાથમિક પંચનામુ કરી સરકારી ગાડીમાં બેસી આરોપીના કહયા બતાવ્યા મુજબ આરોપીના ઘરે ગયેલ અને આરોપીએ તેના ઘરે જઇ મરણજનાર કૈલાશબેનને જે જગ્યાએ દવા પીધેલ હોઈ તે જગ્યા બતાવતો હોઇ તે જગ્યાનુ વિગતવારનુ ડેમોસ્ટ્રેશન પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલ. તેમને આંક–૨૦ વાળું પંચનામું બતાવવામાં આવે છે જેમાં બે પંચો તથા રૂબરૂ તરીકે તેમની સહી છે જે ઓળખુ છુ. આ પંચનામુ કરતી વખતે તેમના મોબાઈલમાં તેનુ વિડીયો રેકોડીંગ કરવામાં આવેલ તે વિડીયો રેકોડીંગનુ પોલીસ સ્ટેશનના કોમ્પુટરમાં કોપી કરી તેની સીડી બનાવવામાં આવેલ અને તે વિડીયો રેકોડીંગમાં કોઇ છેડછાડ કે એડીટીંગ કરેલ નથી તે અંગેનુ બી.એસ.એ. ની કલમ–૬૩(૪)(સી) મુજબનુ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે તે પ્રમાણપત્રમાં તેમની સહી છે જે ઓળખુ છુ. જેને આંક–૪૫ આપવામાં આવે છે. જે વિડીયો રેકોડીંગની સીડી બનાવેલ તે આજરોજ લાવેલ છું જેને આંક–

૪૬ આપવામાં આવે છે. ત્યારબાદ આ કામના આરોપીઓને મહે.જયુ.મેજી.ફ.ક. સાહેબશ્રી દેવ.બારીયાનાઓ સમક્ષ તા.૧૨/૦૨/૨૦૨૬ ના રોજ રજુ કરતા નામ. કોર્ટ આરોપીઓને જયુડી. કસ્ટડીમાં લેવાનો હુકમ કરેલ. આ ગુનાના કામે આરોપીઓ વિરુદ્ધ પુરતા પુરાવા પડતા હોઈ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીઓને ઓળખે છે.

બચાવ પક્ષ તર્ફેની ઉલટતપાસમાં સદરહું સાહેદે તમામ ખંડનાત્મક હકીકતોનો ઈન્કાર કરેલ છે.

આમ, આ તમામ ત.ક.અમલદારોની જુબાનીઓ જોવામાં આવે તો તેઓએ આ કામે કરેલ તપાસ કામગીરીનો ચિતાર તેમની જુબાનીમાં આપેલ છે જેમાં આરોપીઓ વિરુદ્ધની કોઈ હકીકત મળી આવેલ નથી.

(૧૩.૧૪) આ કામે નીચે મુજબના ચુકાદાઓ ધ્યાને લેવા જરુરી જણાય છે.

**(1) 2026 (0) AIJEL-HC 252782**
(સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ મહેન્દ્રભાઈ ઉર્ફે મહેશભાઈ ઈશ્વરભાઈ ભાટીયા)

**(2) 2025 (0) AIJEL-HC 252569**
(સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ હિંમતલાલ નાથુલાલ બ્રાહ્મણ)

**(3) 2025 (0) AIJEL-HC 252228**
(સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ વલ્લભભાઈ જેરામભાઈ ગોતી)

નામદાર ગુજરાત વડી અદાલતના ઉપરોક્ત ચુકાદાઓ વંચાણે લેવામાં આવે તો તેમાં સામાન્ય રીતે એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે મરણજનારને ત્રાસ આપવા બાબતેના સામાન્ય આક્ષેપો કરવામાં આવેલ હોય તો તેનાથી મરણજનારને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરવામાં આવ્યું છે તેવું કહી શકાય નહી. આરોપીનું કાર્ય અથવા તો કાર્યલોપ અને મરણજનારના મૃત્યુ વચ્ચે સીધી કડી પ્રસ્થાપિત થવી જોઈએ.

(૧૩.૧૫) ફરિયાદીની ફરિયાદની હકીકતો જોવામાં આવે તો હાલના આરોપીઓ સામે કોઈ ચોક્કસ પ્રકારના આક્ષેપો કરવામાં આવેલ નથી કે

હાલના આરોપીઓના ચોક્કસ પ્રકારના કાર્ય અથવા કાર્યલોપના કારણે મરણજનારને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ મળેલું હોય તેવું જણાતું નથી.

(૧૩.૧૬) ફરિયાદ પક્ષના રજુ કરવામાં આવેલ પુરાવાની ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબની વિગતે ફરિયાદીએ તેની ફરિયાદમાં હાલના આરોપીઓએ મરણજનારને તુ કાળી છે, ઘરનું કામ કરતી નથી તેમજ તુ ચોર છે તેમ કહી ત્રાસ આપતા હતા તેવું લખાવ્યું છે. તે સબંધેનો કોઈ ચોક્કસ પુરાવો નથી. તેટલું જ માત્ર નહી આરોપીઓ સામે ફરમાવવામાં આવેલ તહોમતનામાની વિગતો સંબંધેનો પુરાવો જોવામાં આવે તો પણ મરણજનાર ફરિયાદીના ઘરે ક્યારેય રીસાઈને આવેલ નથી અને તેણીને આરોપીઓ ત્રાસ આપતા હોવાની હકીકત ફરિયાદીને જણાવેલી છે. ફરિયાદ ગામ આગેવાનોએ લખાવેલી છે જેમાં ફરિયાદીને સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી છે. વધુમાં ફરિયાદીએ ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે ફરિયાદની દવા સારવાર ચાલુ હતી તેમાં કોઈ દવા પીધેલ તેની આડ અસર થવાથી મરણજનાર મૃત્યુ પામેલ તેવું જાણેલ છે. જેથી આ કામની ફરિયાદ શંકાસ્પદ બને છે.

આ કામના મરણજનારે હાલના બનાવ અગાઉ તેણીને તેના સાસરીઓ તરફથી કોઈ ત્રાસ હોય, તેણીને કોઈ મારકુટ કરેલ હોય, તેના કારણે તેણીને કોઈ ઈજા થયેલી કે કેમ? આ સબંધે તેણીએ કોઈ ફરિયાદ કે અરજી કરેલ કે કેમ? અથવા તો તેણીના સાસરી પક્ષના કોઈ સબંધીને જાણ કરેલ કે કેમ? તેવી કોઈ વિગતો મળી આવતી નથી. આમ, ત્રાસ આપવા સંબંધે કોઈ ચોક્કસ વિગતો ફરિયાદ પક્ષના પુરાવામાંથી મળી આવતી નથી.

વધુમાં આ કામના મરણજનાર ફરિયાદી કે તેમના પત્નીને મળી આરોપીઓના ત્રાસ બાબતે વાત કર્યા બાદ તુર્ત જ આવો કોઈ બનાવ બનેલો નથી. બનાવ બન્યો તેના તુર્ત પહેલા મરણજનાર ફરિયાદી કે સાહેદોને મળેલા હોય કે ટેલીફોન ઉપર વાત કરેલ હોય તેવું જણાતું નથી. આ કામમાં કોઈ સુસાઈડ નોટ મળેલી નથી અને તે સંજોગોમાં ફરિયાદીએ તેમની ફરિયાદમાં તથા જુબાનીમાં કોઈ ચોક્કસ વિગતો વગર આરોપીઓ સામે આક્ષેપો કરેલા છે તેના આધારે આરોપીઓએ મરણજનારને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરેલાનું માની શકાય નહી.

આ કામે રજુ મેડીકલ એવીડન્સ જોવામાં આવે તો ગુજરનારની મૃત્યુ એ ઝેરના કારણે જ થયેલ હોવાનું મળી આવેલ નથી.

આરોપીઓના ત્રાસ અને મરણજનારના મૃત્યુ વચ્ચે સીધી લીંક(કડી) પ્રસ્થાપિત થતી નથી. એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૭ માં જણાવ્યા મુજબનું દુષ્પ્રેરણ કરેલ હોય કે દુષ્પ્રેરણ કરવામાં મદદગારી કરેલ હોવાનું પણ પુરવાર થતું નથી.

આ કામના મરણજનારનું લગ્નજીવન આશરે બાર વર્ષના ગાળાનું છે જેથી આરોપીઓ વિરુદ્ધ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૧૩(એ) મુજબનું અનુમાન કરવાનું બનતું નથી. પ્રસ્તુત કેસમાં, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબની વિગતોએ, આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮, ૮૫, ૫૪ મુજબના ગુના સંબંધેના તત્વો પુરવાર થતા હોવાનું પ્રથમદર્શનીય રીતે મળી આવતું નથી, એટલે કે, આ ગુના સંબંધે સકારાત્મક પુરાવો ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલા પુરાવાઓ ઉપરથી મળી આવતો નથી અને તે સંજોગોમાં ભારતીય પુરાવા ધારાની કલમ–૧૧૩(એ) મુજબનું આરોપીઓ વિરૂદ્ધ અનુમાન કરી શકાય તેમ નથી.

આમ, ફરિયાદ પક્ષના રજુ કરવામાં આવેલા પુરાવાઓની ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબની વિગતે આરોપીઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮, ૮૫, ૫૪ મુજબના ગુના માટે કસૂરવાર ઠરાવી શકાય તેમ ન હોય, **મુદ્દા નં.૧ તથા ૨ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે.

**(૧૪) મુદ્દા નં.૩ ની ચર્ચાઃ–**

ઉપરોક્ત મુદ્દા નં.૧,૨ માં વિગતે ચર્ચા કર્યા મુજબ ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– આખરી હુકમ –**

➢ આ કામના આરોપીઓ નં.(૧) રાજેન્દ્રકુમાર બાબુભાઈ વણકર (૨) બાબુભાઈ રત્નાભાઈ વણકર (૩) ચંપાબેન w/o બાબુભાઈ રત્નાભાઈ વણકર, તમામ રહે.પીપલોદ, તળાવ

ફળીયું, તા.દે.બારીયા, જી.દાહોદનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૮(૧) અન્વયે તેઓની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮, ૮૫, ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

➢ આ કામના આરોપીઓ નં.૧, ૨ નાઓ યુ.ટી.પી. (જેલમાં) હોય તેઓની અન્ય ગુનાના કામે જરુરત ના હોય તો હાલના ગુના પુરતા તેઓને તાત્કાલીક જેલ મુક્ત કરવા અને તે અંગેની સંબંધીત જેલરશ્રીને યાદી કરવી.

➢ આ કામના આરોપી નં.૩ ના જામીનખત તથા જાતમુચરકા રદ કરવા.

➢ પ્રત્યેક આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબના અપીલ સમય સુધીના રુ.૧૫૦૦૦/– ના જામીન આપવા.

હુકમ આજ તા.૧૩મી માહે ઓગષ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૮/૨૦૨૬
સ્થળ – લીમખેડા

(મિનાક્ષી મહેશ સોની)
બીજા એડિશ્નલ સેશન્સ જજ, દાહોદ
મુ.લીમખેડા, જી.દાહોદ
કોડ નં.જીજે૦૦૭૪૦

આર.બી.સોલંકી